# <u>દરખાસ્ત નં. ૯૮/૨૦૧૯ ના કામે આંક– ૧ નીચે હુકમ : –</u>

દરખાસ્તરદારના વિ.વ.શ્રીએ હીયરીંગ માટે રીપોર્ટ આપેલ છે. પરંતુ રેકર્ડ તપાસતા મુળ દરખાસ્ત ભોલાભાઈ ઉર્ફે ભલા મુળુભાઈ સામે દાખલ થયેલ છે. જયારે બેલીફના શેરા મુજબ આવા કોઈ ઈસમ સ્થળ પર રહેતા નથી. પરંતુ ભરત મુળુભાઈ રહે છે. જે સબંધે દરખાસ્તના વિ.વ.શ્રીએ પણ જે તે સમયે મુળ નામ લખવામા કસુર થયેલાનુ જણાવેલ છે. જેથી હાલના દરખાસ્ત સામાવાળાના નામવાળા કોઈ ઈસમ સ્થળ પર ન હોઈ દરખાસ્તમા લાંબા સમયથી કોઈ જ પ્રગતિ થયેલ નથી. આજ રોજ દરખાસ્તદાર તરફે અધિકારી હાજર છે. જેઓએ તેમને દરખાસ્ત પરત ખેંચવાની સત્તા ન હોવાનુ જણાવી તેમના વકીલશ્રીએ યોગ્ય હુકમ કરવા રજુઆત કરેલ છે. જેથી દરખાસ્તદાર ભવિષ્યમા પણ મળી આવવાની સંભાવના ન હોઈ દરખાસ્તમા આગળ વધી શકાય તેમ ન હોઈ દરખાસ્ત કાઢી નાંખવા હુકમ કરવામા આવે છે.

સને ૨૦૧૯ થી આજ દીન સુધી આ નામની ભુલના કારણે કોઈ જ પ્રગતિ થઈ શકેલ નથી.નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા પણ ન્યાયની અદાલતોમા ઘણા કેસો આ જ પ્રકારના કારણે પડી રહેલ હોવાનુ તેમજ તેવા કેસો શોધીને તેમાં ઉચિત હુકમો કરવાનુ નામદાર ઉપલી અદાલતોના આદેશો હોઈ તે સંજોગોમાં છેલ્લા ઘણા સમયથી આ કેસમા માત્ર તારીખો જ પડે છે. જેથી તમામ નાગરીકોના ઝડપી ટ્રાયલના હકો નજર સામે રાખતા દરખાસ્ત ગેરહાજરીમા કાઢી નાંખવાનો હુકમ કરવામા આવે છે. **પડતર કેસો સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પણ અવારનવાર આદેશો આપવામા આવેલ છે. કેસોના ઝડપી નિકાલ તથા પુનઃ મુલ્યાંકન સબંધે (૧) નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પત્ર નં.૧૭૮/૧૮ તા.૨૩–૧–૧૮ તથા (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નં.૧૯૩/૧૭ તા.૨૦–૧–૧૭ તથા ત્યાર બાદના પત્રો વંચાણે લીધા.નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી અવારનવાર જુના તથા હળવા પ્રકારના કેસોનો નિકાલ કરવાની કામગીરી સબંધે આદેશો કરવામા આવેલ છે. જેથી દરખાસ્ત ઉપરોકત જોગવાઈ મુજબ કાઢી નાંખવાનો હુકમ કરવામા આવે છે.**

આજરોજ તા. ૩ જાન્યુ. સને ૨૬ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

| | | |
|---|---|---|
| | | ( બી. જે. પટેલ ) |
| | | પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, પોરબંદર. |
| | | જી.જે. ૦૦૯૭૭ |